# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

૨૬૧-૨૬૬૨૯૦૨ :-suratdeo@gmail.com


જા.નં./મા-૨/૨૦૨૫/૨૭૫૪ તા.૨૯/03/૨૦૨૫.

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ.
સુરત, જિ-સુરત.

વિષય:- માધવપુર ઘેડ મેળા અંતર્ગત આયોજિત પ્રિ-ઇવેન્ટમાં સાંસ્કૃતિ કાર્યક્રમ નિહાળવા બાબત..

સંદર્ભ:- માનનીય કલેકટરશ્રી સુરતનાં અધ્યક્ષ સ્થાને તા-૨૮/03/૨૦૨૫નાં રોજ મળેલ બેઠકની સૂચના.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે માધવપુર ઘેડ મેળો ૨૦૨૫ અન્વયે શ્રી કૃષ્ણ અને દેવી રૂક્ષ્મણીનાં વિવાહનો ઉત્સવ સાંસ્કૃતિ વિરાસતના ભાગરૂપે આયોજિત થાય છે. જે અન્વયે ભારતની સાંસ્કૃતિ એકતા દર્શાવતા ઉત્તર –પૂર્વીય રાજ્યો અને ગુજરાતના કલાકારો દ્વારા ભવ્ય સાંસ્કૃતિ કાર્યક્રમનું ભવ્ય આયોજન સુરત ખાતે પ્રથમ વખત નીચેની વિગતે દર્શાવેલ સ્થળ અને સમયે રમતગમત, યુવા સાંસ્કૃતિ પ્રવૃતિઓ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા થનાર છે.

**તારીખ:-૦૧/૦૪/૨૦૨૫**

**સમય:- સાંજે ૬.૦૦ કલાકે**

**કાર્યક્રમનું સ્થળ:- પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઇન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઇન્સ, સુરત.**

ઉકત સાંસ્કૃતિ કાર્યક્રમમાં આપની શાળાનાં બાળકો, વાલીઓ, શિક્ષકો તથા નગરજનો બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહી સાંસ્કૃતિ કાર્યક્રમ નિહાળે તે અર્થે સૌને અવગત કરવા જણાવવામાં આવે છે.

(ડૉ.ભગીરથસિંહ એસ.પરમાર)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.

ગુજરાત સરકાર

Gujarat

# પ્રસંગ શ્રી કૃષ્ણ અને દેવી રૂક્ષ્મણીના વિવાહનો ઉત્સવ બે સંસ્કૃતિઓના મિલનનો

'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવનાની ઉજવણી



# માધવપુર મેળો, ૨૦૨૫

1 થી 10 એપ્રિલ, 2025



**કાર્યક્રમની વિગતો**

ભારતની સાંસ્કૃતિક એકતા દર્શાવતા ઉત્તર-પૂર્વીય રાજ્યો અને ગુજરાતના કલાકારો દ્વારા ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિ

પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઇન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઇન્સ, સુરત